
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ના બહેન... તમારી જેમ જ અમારુ ઘર કાંઈ સંસ્કારી નથી... આ તો બધાને પોતાનો મોબાઈલ અપાવ્યો છે ને...

# પેપર લીક કૌભાંડમાં વધુ બે સુત્રધારોના નામ ખુલ્યા..!

### દિલ્હી ગયેલા ઉમેદવારોની પૂછપરછમાં ઇન્દ્રવદન વાળા અને ભરતસિંહ ઝાલાનું નામ ખૂલ્યું : આ બંને તત્વોની શું ભૂમિકા હતી અને હાલ ક્યા છે તે અંગે પૂછપરછ શરૂ કરાઈ : ચાર આરોપીઓ પાંચ દિવસના રિમાન્ડ પર

લોકરક્ષક પેપર લીક કૌભાંડ મામલે તપાસ કરતી ગાંધીનગર પોલીસે અત્યાર સુધીમાં એક હોસ્ટેલ સંચાલક મહિલા એક પીએસઆઇ તથા બે ભાજપના કાર્યકરો ઉપરાંત ગઈકાલે પકડેલા ચાર ઉમેદવારો મળી કુલ આઠ આરોપીઓની ધરપકડ કરી છે. ગઈ કાલે જે ચાર ઉમેદવારો પકડાયા હતા તેમની પૂછપરછમાં બહાર આવ્યું છે કે દિલ્હીની કોઈ પેપર લીક કરતી ગેંગ સક્રિય છે અને આ ઉમેદવારોને ગાંધીનગર નજીક નાના ચિલોડા પાસેથી ગાડીઓમાં બેસાડીને દિલ્હી લઈ જવાયા હતા. સમગ્ર કૌભાંડમાં હવે નિલેશ નામના શખ્સને ગુજરાતનો મુખ્ય સૂત્રધાર ગણવામાં આવી રહ્યો છે દરમિયાન આ ચારેય ઉમેદવારોની પૂછપરછમાં વધુ બે નામ ખુલવા પામ્યા છે જે તેમને દિલ્હી લઈ જવામાં સંડોવાયેલા હતા.

ગાંધીનગર પોલીસે ગઈ કાલે જે ચાર ઉમેદવારોને પકડ્યા હતા બે ચાર ઉમેદવાર પૈકી એક ઉમેદવારની તબિયત નાદુરસ્ત હોવાથી દિલ્હી જઈ શક્યો ન હતો બાકીના ત્રણેય દિલ્હી પેપર લીક ગેંગ પાસે ગયા હતા અને પેપર લીક કરીને જવાબો સાથે ગુજરાત પરત આવ્યા હતા. પકડાયેલા ચારેય ઉમેદવારોની સઘન પૂછપરછમાં વિગતો બહાર આવી છે કે નાના ચીલોડા પાસે ચાર ગાડીઓ ભરીને ૩૫થી વધુ ઉમેદવારોને દિલ્હી લઈ જવાયા હતા જેમાં યશપાલનો પણ સમાવેશ થાય છે. એટલે કે અત્યાર સુધી જેને પોલીસ મુખ્ય સૂત્રધાર માની રહી હતી તે યશપાલ તો ઉમેદવાર નીકળ્યો. આ તમામ ઉમેદવારોને દિલ્હી લઇ જનાર નિલેશ નામનો શખ્સ હોવાનું બહાર આવ્યું છે. નિલેશ કોણ છે અને તેનું દિલ્હી કનેક્શન શું છે તથા પેપર લીક કેવી રીતે થયું તે સહિતની તપાસની દિશા પોલીસ પકડી રહી છે. ગઈકાલે પકડાયેલા ચાર ઉમેદવારોની ધરપકડ કરીને આજે ગાંધીનગર પોલીસે કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના રિમાન્ડની માગણી કરી હતી. કોર્ટ સમક્ષ આરોપીઓને રજૂ કરીને પોલીસે રિમાન્ડની જરુર હોવા પાછળના કારણો રજૂ કર્યા હતા કે પકડાયેલા આચાર આરોપીઓએ મેળવેલા પ્રશ્નપત્રના જવાબો ભરતસિંહ ઝાલા તથા ઈન્દ્રવદનભાઈ વાળા આ બંને શખ્સોએ આપ્યા હતા. આ બંને આરોપીઓ ના પુરા નામ સરનામાં આરોપીઓ જાણતા હોવા છતાં પોલીસને જણાવતા ન હોવાને કારણે પોલીસ તપાસમાં આરોપીઓની હાજરી આવશ્યક છે. તે ઉપરાંત અન્ય કેટલાક ઉમેદવારો પણ તેમની સાથે ગયા હતા તે કોણ કોણ હતા તેની વિગતો પણ આપી રહ્યા નથી. આ આરોપીઓએ કેટલા ઉમેદવારોને સોશિયલ મીડિયા મારફતે આ પ્રશ્નોના જવાબો વાઈરલ કર્યા હતા.? ઉમેદવારોને નાના ચિલોડાથી ગાડીમાં બેસાડીને દિલ્હી અને ગુડગાવ લઈ જવાયા હતા ત્યારે રસ્તામાં જ્યાં જ્યાં તેમને હોટલમાં ચા નાસ્તા કે જમવા માટે ગાડી ઊભી રાખી હતી તેના સીસીટીવી ફૂટેજ મેળવવા આરોપીઓની હાજરીની જરૂર હોવાનું રિમાન્ડ અરજીમાં ઉમેર્યું હતુ. દિલ્હી અને ગુડગાવમાં જ્યાં જ્યાં તેઓ રોકાયા હતા તે રૂમની તલાશી લેવાની હોવાથી સ્થળ બતાવવા માટે તેમની હાજરી જરુરી છે. તે ઉપરાંત મુખ્ય સૂત્રધારો કોણ કોણ છે અને આ સમગ્ર પેપર લીક કૌભાંડમાં પેપર લીક કરતી ગેંગના સૂત્રધારો કોણ કોણ છે તે સહિતની ઉંડી પૂછપરછ માટે આરોપીઓની હાજરી પોલીસ માટે મહત્વની હોવાથી પોલીસે આરોપીઓના ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કોર્ટ સમક્ષ કરી હતી. કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસે હવે આરોપીઓની સઘન પૂછપરછ શરૂ કરી છે કે નિલેશ ઉપરાંત અન્ય બે નામો બહાર આવ્યા છે તે કોણ છે અને ક્યાંથી આવ્યા હતા? તેમની ભૂમિકા શું શું હતી અને હાલ ક્યાં છે તે સહિતની ઊંડી તપાસ કરી તેમની ધરપકડ માટે કવાયત શરૂ કરવામાં આવી છે.

# લોકરક્ષક દળની નવી પરીક્ષા ૬ જાન્યુઆરીએ

### મુખ્યમંત્રી રૂપાણીએ ઉચ્ચ પોલીસ સત્તાધીશો, સરકારના અધિકારીઓને કઠોર સૂચનાઓ તેમજ નિર્દેશો જારી કર્યા

ગાંધીનગર,તા. ૫

લોકરક્ષક દળની પરીક્ષાના પેપર લીક કૌભાંડને પગલે રદ કરાયેલી પરીક્ષા હવે તા.૬ઠ્ઠી જાન્યુઆરીના રોજ લેવાશે. જો કે, આ વખતે પેપર લીક ના થાય તે માટે ગુજરાત રાજ્ય લોકરક્ષક દળના તંત્ર, પોલીસ અને રાજ્ય સરકારની મદદથી જોરદાર ફુલ પ્રુફ વ્યવસ્થા ગોઠવવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે. આજે રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજયના ડીજીપી અને ગુજરાત લોકરક્ષક દળ ભરતી બોર્ડના ચેરમેન વિકાસ સહાય સહિતના ઉચ્ચ સરકારી પદાધિકારીઓ સાથે બેઠક યોજી નવી પરીક્ષામાં પેપર લીક ના થાય તે સહિતની બાબતે જરૂરી સૂચના અને મહત્વના નિર્દેશો આપ્યા હતા. લોકરક્ષક દળની પરીક્ષાની નવી તારીખ જાહેર થતાં હવે રાજયના પોણા નવ લાખ ઉમેદવારો ફરી એકવાર તૈયારીમાં જોતરાયા છે તો, બીજીબાજુ, પેપર લીક કૌભાંડમાં તપાસના આટાપાટા વચ્ચે તંત્ર પણ પરીક્ષાની તૈયારી અને આ વખતે કોઈ લીક ના થાય તે માટેની ફુલ પ્રુફ વ્યવસ્થાના આયોજનમાં લાગ્યું છે.

લોકરક્ષક દળની પરીક્ષાના પેપર લીક કૌભાંડમાં પરીક્ષા રદ કરવામાં આવી તેનું પેપર ગુજરાત બહાર માત્ર એક સેટમાં જ છપાયેલું હતું. આ લીક થયેલું પેપર ગુજરાતમાં નહીં પરંતુ, ગુજરાત બહાર અન્ય કોઈ રાજયમાં છાપવામાં આવ્યું હતું એ મતલબની સ્પષ્ટતા અગાઉ લોકરક્ષક ભરતી બોર્ડના ચેરમેન વિકાસ સહાયે કરી હતી. વિકાસ સહાયે પેપર લીક થવાના પગલે એલઆરડી પરીક્ષા રદ કરવાને લઈ રાજયભરના લાખો ઉમેદવારો પરત્વે ભારે દુઃખ અને સંવેદનાની લાગણી પ્રગટ કરી હતી. સાથે સાથે તેમણે એ મુદ્દે પણ સ્પષ્ટતા કરી હતી કે, લોકરક્ષકની આ રદ કરાયેલી પરીક્ષા આગામી ૧૬ ડિસેમ્બરે લેવામાં આવવાની સોશ્યલ મીડિયામાં વહેતી થયેલી વાત માત્ર અફવા જ છે અને તેની તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. પરીક્ષાની નવી તારીખ હવે પછી જાહેર કરાશે.

જે મુજબ, આજે સત્તાવાર તારીખ તા.૬ઠ્ઠી જાન્યુઆરી જાહેર કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, લોકરક્ષક દળની અગાઉની પરીક્ષાનું પેપર માત્ર એક જ સેટમાં છપાયેલું હતું. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અગાઉ ત્રણ સેટમાં પેપર છપાતા હતા. પરંતુ ઘણાં સમયથી હવે એક જ સેટમાં પેપર છપાતા હોવાનું જણાવતા વિકાસ સહાયે સ્પષ્ટ કર્યુ હતું કે, આ પેપર ગુજરાતમાં નહીં પણ રાજ્ય બહાર છાપવામાં આવ્યું હતું. આ પેપર સ્ટ્રોંગ રૂમ અથવા અન્ય સ્થળેથી ક્યારે અને કેવી રીતે લીક થયું તેની સઘન અને ઝડપી તપાસ ચાલી રહી છે.

# બાબા સાહેબના નિર્વાણ દિને કર્મચારીઓ અવાજ ઉઠાવશે

ગાંધીનગર, તા.૫

સમાન કામ સમાન વેતન જેવા બંધારણીય સિદ્ધાંતનું ઉલ્લંઘન કરી ગુજરાત સરકાર દ્વારા કોન્ટ્રાકટ આઉટ સોર્સિંગ માનદ વેતન અને ફિકસ પગારમાં યુવાનોનું સોષણ કરવામાં આવી રહ્યું છે. બંધારણનું પાલન કરવાની સરકારની જવાબદારી હોવા છતા સરકાર જ બંધારણનું ઉલ્લંઘન કરી રહી છે. જેના વિરોધમાં તા. ૬ ડિસેમ્બરને ગુરુવારના રોજ તમામ કરારબધ્ધ કર્મચારીઓએ પોતાના તાલુકા મથકે આવેલી બાબા સાહેબની પ્રતિમા પાસે એકઠા થઈ સરકાર બંધારણનું પાલન કરે અને સમાન કામ સમાન વેતન મુજબ પાગર ચુંકવે એ માટે આવેદન પત્ર આપવાનું છે. ત્યારે ગાંધીનગર શહેરમાં વસવાટ કરતા અને કરાર આધારિત નોકરી કરતા શોષિતો મોટીસંખ્યામાં વિધાનસભાની સામે આવેલ ડો. બાબા સાહેબની પ્રતિમા પાસે એકઠા થશે. તો તમામ શોષિત કર્મચારીઓ પોતાના બંધારણીય અધિકારોની પ્રાપ્તિ માટે મોટી સંખ્યામાં હાજર રહેવા ગુજરાત જનતા જાગૃતિ મંચના પ્રમુખ રજનીકાંત ભારતીયએ જણાવ્યું છે.

# રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા કલેકટરને આવેદનપત્ર

### ઉમેદવારોને ભાડા પેટે ૧ હજાર આપવા રજુઆત

ગાંધીનગર, તા.૫

તાજેતરમાં લોકરક્ષક પરિક્ષાનું પેપર લીક થતા રાજયમાં ૯ લાખ જેટલા ઉમેદવારોની હાલત કફોડી બની જવા પામી હતી. ત્યારે ઉમેદવારોની કફોડી હાલત માટે જવાબદાર વ્યકિતઓને કડકમાં કડક સજા કરવામાં આવે અને દરેક ઉમેદવારોને ન્યાય મળે તે માટે રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા ગાંધીનગર જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી લેખિત રજુઆત કરી માંગણી કરવામાં આવી છે. જેમાં તમામ ઉમેદવારોને વાહન વ્યવહારના ખર્ચ પેટે રૂ. ૧ હજાર રોકડા ચુકવવામાં આવે, લોકરક્ષકની નવેસરથી પરિક્ષાની તારીખ તાત્કાલીક અસરથી નક્કી કરવામાં આવે, આગામી નવી પરિક્ષાનું આયોજન ઉમેદવારોના જિલ્લામાં જ કરવામાં આવે, પેપર લીકના કૌંભાડમાં સામેલ ભાજપના તમામ નેતાઓ પર કડકમાં કડક પગલા ભરવામાં આવે અને એસઆઈટીની રચના કરીને આ કેસમાં તટસ્થ તપાસ કરવામાં આવે તે સહિતની માંગણી કરવામાં આવી છે.

# માણસા એ.પી.એમ.સી. ખાતે આજથી મગફળી ખરીદીના કેન્દ્રનો આરંભ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લાના માણસા એ.પી.એમ.સી. ખાતે આજે તા. ૬ ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજથી મગફળી ખરીદી કેન્દ્રનો આરંભ થશે, તેવું જિલ્લા પુરવઠા અધિકારી શ્રી દર્શના રાંકે જણાવ્યું છે.

જિલ્લા પુરવઠા અધિકારી દર્શના રાંકે વધુમાં જણાવ્યું છે કે, તા. ૬ ડિસેમ્બર, ૨૦૧૮ થી માણસા એ.પી.એમ.સી ખાતે ગાંધીનગર જિલ્લાનામાં વધુ એક મગફળી ખરીદી કેન્દ્ર શરૂ કરવામાં આવનાર છે. ગાંધીનગર જિલ્લાના એ.પી.એમ.સી ખાતે ટેકાનાના ભાવે મગફળી ખરીદી કેન્દ્ર હાલમાં ચાલું છે. કુલ- ૨૯૪૪ ખેડૂતો દ્વારા મગફળી વેચવા માટે ઓન લાઈન રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે.ગઈકાલ સુધીમાં ૫૦૦ થી વધુ ખેડૂતોની ૧૦ હજાર કવિ. થી વધુ મગફળીની ખરીદવામાં આવી છે. ખરીદીમાં ઝડપ આવે અને ખેડૂતોને તેમની નજીકમાં બીજુ કેન્દ્ર મળી શકે તે માટે વાવેતર વિસ્તાર અને થનાર ઉત્પાદનના અંદાજો ધ્યાને લઈને તા. ૬ ડિસેમ્બર થી જિલ્લામાં બીજું ખરીદી કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે.

# ફાર્મસી કોલેજ ખાતે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું ૨૬મીથી આયોજન

ગાંધીનગરના સેકટર-૨૩માં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન કે.બી. ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજયુકેશન એન્ડ રસર્ચ ખાતે આગામી તા. ૨૬ અને તા. ૨૭મી ડિસેમ્બર દરમિયાન બે દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સનો વિષય ફાર્મસી પ્રેકટિશ આધારિત છે જેમાં સુપ્રસિધ્ધ વકતાઓ વિવિધ વિષયે તેમનું જ્ઞાન તથા અનુભવો વર્ણવશે. આ કોન્ફરન્સમાં દેશના વિવિધ રાજયોમાંથી વિદ્યાર્થીઓ તેમજ આ ક્ષેત્રમાં રસ ધરાવતા તજજ્ઞો પણ ભાગ લઈ શકશે.

# નલિયા ખાતે સતત બીજા દિવસે પણ પારો ૧૨ ડિગ્રી

અમદાવાદ, તા.૫

ગુજરાતના નલિયામાં આજે સતત બીજા દિવસે સૌથી વધુ ઠંડીનો અનુભવ થયો હતો. અહીં લઘુત્તમ તાપમાન બીજા દિવસે પણ યથાવત ૧૨ ડિગ્રી રહ્યું હતું. બીજી બાજુ અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન ૧૬.૭ ડિગ્રી રહ્યું હતું.

અમદાવાદમાં પણ સવારમાં તીવ્ર ઠંડીનો ચમકારો હવે અનુભવાઈ રહ્યો છે. સવારમાં લોકો હવે ગરમ વસ્ત્રોમાં નજરે પડી રહ્યા છે. કંડલા એરપોર્ટ ખાતે પણ પારો આજે વધીને ૧૪.૭ ડિગ્રી રહ્યો હતો. વહેલી સવારમાં અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. બપોરના ગાળામાં હજુ પણ લોકોને ઓછા પ્રમાણમાં ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

આમ હવે ધીરેધીરે ઠંડી પોતાની અસર દેખાડતી જઈ રહી છે. ત્યારે આગામી દિવસોમાં હજુ પણ ઠંડીનો પારો વધુ નીચે સરકે તેવી આગાહી પણ વ્યકત કરાઈ છે ત્યારે શિયાળાની ઠંડીપ્રેમી નાગરિકો ખુશીની લાગણી વ્યકત કરી રહ્યા છે. મોટાભાગના લોકો મોડી રાત્રે ગરમ વસ્ત્રોમાં પણ નજરે પડવા લાગી ગયા છે. અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ લોકો ગરમ વસ્ત્રોમાં નજરે પડે છે. ફુલગુલાબી ઠંડીમાં વહેલી સવારમાં બાગ બગીચા હવે હાઉસફુલ નજરે પડી રહ્યા છે. ફિટનેસ મેળવવા માટે જીમમાં જતા લોકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે.



ગાંધીનગરના પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી ખાતે સ્ટાર્ટ અપ્સ અને વિદ્યાર્થીઓ માટે ભંડોળ એકત્ર કરવા અંગે માસ્ટર ક્લાસનું આયોજન કરવામાં આવ્યું હતું. માસ્ટર ક્લાસમાં વિવિધ નાણાંકીય સંસ્થાઓમાં કાર્યરત શ્રીમતિ આચાર્યએ વિદ્યાર્થીઓને ''સ્ટાર્ટઅપની કળા'' વિષયે મહત્વનું માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

# જિલ્લાના ત્રણ તાલુકામાં કૃષિ ઈનપુટ સહાય માટેની કામગીરી હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના ત્રણ તાલુકાઓમાં કૃષિ ઈનપુટ સહાય મેળવવા માગતા ખેડૂતોની અરજીઓ સ્વીકારવાની કામગીરી તેની નિયત સમયમર્યાદામાં સંપન્ન થાય અને સમયસર સહાય માટેની દરખાસ્ત રજુ કરવા જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાએ તાલુકા વિકાસ અધિકારીઓને સૂચના આપી છે.

જિલ્લાના કલોલ, માણસા અને ગાંધીનગર તાલુકામાં ૪૦૦ મી.મી. કરતાં ઓછો વરસાદ થતાં સરકારે કૃષિ ઈનપુટ સહાય આપવાની જાહેરાત કરી છે.

જિલ્લા વિકાસ અધિકારીએ આ મુદ્દે તાલુકાકક્ષાએ જરૂર પડ્યે હેલ્પ ડેસ્ક ઉભા કરી અને ખેડૂતોને અરજી માટેના ફોર્મ વિતરણ કરવા તેમજ તે ભરાયા પછી જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરી અને તેની પૂર્તતા ખેડૂતો પાસે કરાવવામાં આવે તેવો આગ્રહ કર્યો હતો.

તેમણે આ બેઠકમાં જિલ્લામાં ચાલી રહેલ વિકાસ કામોની પણ સમીક્ષા કરી હતી. આ ઉપરાંત વિકાસના કામો પણ તેની નિયત સમયમર્યાદામાં સંપન્ન થાય તેમજ તેની ગુણવત્તા જળવાઈ રહે તે જોવા આગ્રહ કર્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારીએ આ બેઠકમાં પંચાયતઘરોના નવનિર્માણની કામગીરીમાં પણ વેગ આવે તેમજ ૧૪મા નાણાંપંચની કામગીરીને લઈ કેટલીક મહત્વની સૂચનાઓ આપી હતી.

# માણસાના ગ્રામભારતી-અમરાપુર ખાતે વિશ્વ જમીન દિવસ ઉજવાયો

ખેડૂત તાલીમ કેન્દ્ર, ગાંધીનગર અને આત્મા પ્રોજેકટ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આજરોજ વિશ્વ જમીન દિવસ નિમિત્તે બે દિવસીય કૃષિ મેળો – વ- કૃષિ પ્રદર્શનનું આયોજન ગ્રામભારતી- અમરાપુર ખાતે કરવામાં આવ્યું હતું. આ કૃષિ મેળા –વ- કૃષિ પ્રદર્શનને ગાંધીનગર જિલ્લા પ્રભારી મંત્રી અને જળ સંપત્તિ રાજય મંત્રી શ્રી પરબતભાઈ પટેલ અને સાંસદ શ્રીમતી જયશ્રીબેન પટેલના હસ્તે દીપ પ્રાગટય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

ગુજરાત સરકાર દ્વારા તા. ૫ ડિસેમ્બર વિશ્વ જમીન દિવસ ના રોજ જમીનની અગત્યતા વૈશ્વિક જાણકારી માટે વર્ષ- ૨૦૧૨ થી આ દિનની ઉજવણી કરવામાં આવે છે. સમગ્ર રાજયમાં વર્ષ- ૨૦૦૩-૦૪ થી સોઈલ હેલ્થ કાર્ડ આપવાનો આરંભ કરવામાં આવ્યો છે. જેની ફલશ્રુતિ રૂપે આજે ખેડૂતોને પોતાની જમીનમાં રહેલા તત્વોની જાણકારી મળી રહે છે. જેથી તેઓ યોગ્ય અને સપ્રમાણ ખાતર આપતાં જમીનમાંથી પાકનું ઉત્પાદન વધ્યું છે. હાલ રાજયમાં કુલ- ૧૧૬ જમીન ચકાસણી પ્રયોગશાળાઓ કાર્યરત છે. જે પૈકી ૮૭ જમીન ચકાસણી પ્રયોગશાળાઓમાં સુક્ષ્મ તત્વ સાથેની ચકાસણની સુવિધાઓ ઉપલબ્ધ છે.

ગાંધીનગર જિલ્લામાં પ્રથમ, દ્રિતીય અને તૃતીય તબક્કામાં અનુક્રમે ૯૭,૭૪૦, ૧,૦૯,૯૭૪ અને ૧,૮૯,૩૧૮ સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. આ સરકાર ખેડૂતોના હિતને હમેંશા



પ્રાધાન્ય આપ્યુંછે, તેવું કહી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં વર્ષ- ૨૦૧૭-૧૮ દરમ્યાન યાંત્રિકીકરણને પ્રોત્સાહન મળે અને નાના જિલ્લામાં તેનો વ્યાપ વધે તે હેતું ૬૪૨ ખેડૂતોને ૨૯૬ લાખથી વધુની નાણાંકીય સહાય ટ્રેકટર માટે આપવામાં આવી છે. તેમજ ૧૮૯૪ ખેડૂતોને રૂ.૨૦૬ લાખની સહાય અન્ય સાધનો ખરીદી માટે આપવામાં આવી છે.



ખરીફ ઋતુમાં ઓછા વરસાદને કારણે રાજય સરકાર દ્વારા ખેડૂતોને કૃષિ ઈનપુટ સહાય અંગેની વાત કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ખરીફ- ૨૦૧૮માં ૨૫૦ થી ૩૦૦ મી.મી વરસાદ ધરાવતાં કુલ- ૧૪ તાલુકાઓમાં પ્રતિ હેકટરે રૂ. ૬૩૦૦/-, ૩૦૧ થી ૩૫૦ મી.મી સુધી વરસાદ ધરાવતા કુલ- ૧૨ તાલુકાઓમાં પ્રતિ હેકટરે ૫૮૦૦/- અને ૩૫૧ થી ૪૦૦ મી.મી. સુધી વરસાદ ધરાવતા કુલ- ૧૯ તાલુકાઓમાં પ્રતિ હેકટર રૂ. ૫૩૦૦/- ની કૃષિ ઈનપુટ સહાય ખેડૂતોને આપવા આ સંવેદનશીલ સરકારના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કરવામાં આવ્યો છે. આ ઈનપુટ સહાયમાં ગાંધીનગર જિલ્લાના માણસા, કલોલ, ગાંધીનગર તાલુકાને પણ આવરી લેવામાં આવ્યા છે.

# અંતરિયાળ વિસ્તારના જરૂરતમંદ બાળકોને હૂંફ આપતુ વસાહત મહામંડળ

પ્રતિવર્ષ માફક અરવલ્લી જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં આવેલ શાળાઓના બાળકોને ગરમ વસ્ત્ર ટોપી, સ્કાર્ફ વિગેરે રૂબરૂ જઈ



અર્પણ કરવાના અભિયાનના ભાગરૂપે ૩૨૦૦ બાળકોને વિતરણ કરવામાં આવ્યુ હતુ. જેમાં અરૂણ બુચ, શશીકાંત મોઢા અને નિલેન્દુભાઈ વોરા, પ્રદિપભાઈ સોલંકી, મયુરભાઈ વ્યાસના માર્ગદર્શન હેઠળ જોડાઈ વિતરણ બધાભાઈ મનાત, ગંગાબેન મનાત અને સેવામંડળ મેઘરજ તથા ડૉ. ટી.બી. પટેલ તથા કીરીટભાઈ સુથાર મોડાસાના સહયોગથી સેવા સંપન્ન કરવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લાના પાદરમહુડી, ગોરવાડા, જોધપુર, પાંટા, નાળ, મંજીપુરા, પંઠેશ્વર, કસાણા મેઘરજ સેવામંડળની શબરીકન્યા મુકતશીલા, વિશ્વવત્સલ શાળાઓ સહીત ઉકરડી, વડથલ, હનુમાનકંપા, રોલા નવી વાંકશાળાઓના બાળકોને રૂબરૂ જઈ વસ્ત્ર અર્પણ કર્યા હતા. આ ઉપરાંત મોડાસા બહેરા-મુંગા શાળાના તમામ વિદ્યાર્થીઓને પણ ડૉ. ટી.બી. પટેલના માર્ગદર્શન હેઠળ સેવા સંપન્ન કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ પ્રતિવર્ષ ગાંધીનગર ઉપરાંત વંચીતોના વહારે રહે છે અને અરવલ્લી જિલ્લાના શાળાઓ, દાહોદ જિલ્લાના તથા કેટલાક સ્થળોએ વંચીતોને સહાય પુરી પાડે છે તેના ભાગરૂપે મહામંડળના સેવા સૈનિકો અરૂણ બુચ, શશીકાંત મોઢા, નિલેન્દુ વોરા, પ્રદિપભાઈ રૂબરૂ જઈ સેવ સંપન્ન કરી હતી. આ સેવામાં યોગદાન આપવાની ઈચ્છા ધરાવતા સર્વેને યોગદાન આપવા પણ મહામંડળે અપીલ કરી છે.

# કર્ણાવતી યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારંભ યોજાયો

### કર્ણાવતી યુનિવર્સિટીના પ્રથમ પદવીદાન સમારંભમાં શ્રી શ્રી રવિશંકરે ૧૦૨ વિદ્યાર્થીઓને ડીગ્રી એનાયત કરી

ગાંધીનગર, તા. ૫

કર્ણાવતી યુનિવર્સિટીએ તેના ઉવારસદ કેમ્પસ ખાતે તેનો પ્રથમ પદવીદાન સમારંભ યોજ્યો હતો. જાણીતા આધ્યાત્મિક ગુરૂ અને માનવતાવાદી ગુરૂદેવ શ્રી શ્રી રવિશંકરે ૧૦૨ સ્નાતક વિદ્યાર્થીઓને ડીગ્રી એનાયત કરી હતી. સીમાચિહ્નરૂપ આ સમારંભમાં ગુરૂદેવ શ્રી શ્રી શ્રી રવિશંકરને માનદ ડોક્ટરેટની ઉપાધિ પણ એનાયત કરાઈ હતી.

શાંતિના લોકપ્રિય દૂત એવા ગુરૂદેવે આ પ્રસંગે એક વક્તવ્ય આપી યુવાનોને તેમના સપના પુરાં કરવા માટે સખત પરિશ્રમ કરવા પ્રેરિત કરવાની સાથે સાથે જ સંદેશો આપતાં જણાવ્યું હતું કે આનંદમય અને ખુશહાલ જીવન જીવવા માટે તેમણે શારીરિક, માનસિક, ભાવનાત્મક તથા સામાજિક સ્વસ્થતા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

આ પ્રસંગે બોલતાં કર્ણાવતી યુનિવર્સિટીના અધ્યક્ષ રિતેશ હાડાએ જણાવ્યુ હતુ કે ગુરૂદેવજીની ઉપસ્થિતિમાં પ્રથમ પદવીદાન સમારંભનું આયોજન એ સમગ્ર યુનિવર્સિટી માટે અત્યંત ગૌરવપૂર્ણ બાબત છે. અમારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક, સંશોધન અને ઔદ્યોગિક ક્ષેત્રે સર્વોત્તમ તક ઉપલબ્ધ બને તે માટે કર્ણાવતી યુનિવર્સિટીમાં અમે સતત પ્રયત્નશીલ રહીએ છીએ. અમારી યુનિવર્સિટીમાં ૫ સંસ્થાઓ છે અને તેમાં ૧૯ રાજયના આશરે ૩ હજારથી વધુ વિદ્યાર્થીઓ તેમાં અભ્યાસ કરે છે. અમારા માટે આ એક અત્યંત પવિત્ર શરૂઆત છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ-બહેનો પોતાના પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે કાર્યક્રમને સફળ બનાવવા સ્ટાફ કર્મીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.